# ખેડૂત અને ખેતીના સર્વાંગી વિકાસ માટે અપનાવો પ્રાકૃતિક કૃષિ અને વાપરો બનાસ-કૃષિ સંજીવની પ્રોડક્ટ્સ



પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



બનાસની ધરતીનો

# ધબકાર

અંક : ૧૩| જાન્યુઆરી-૨૦૨૪ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના શુભ હસ્તે કરાયું બનાસ ડેરીના પાયલોટ પ્રોજેક્ટ તેમજ વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાત મુહૂર્ત.**

**સહકારથી સમૃદ્ધિની દિશામાં : બનાસ કાશી સંકુલનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે.**

**સફળતાની સિદ્ધિ : કુશળ વહીવટ અને મજબુત નેતૃત્વ થકી બનાસ ડેરીએ કર્યું ૧ કરોડ લિટર દૂધનું સંપાદન.**



# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના શુભ હસ્તે કરાયું બનાસ ડેરીના પાયલોટ પ્રોજેક્ટ તેમજ વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત



- "સહકાર થી સમૃદ્ધિ" ની પરિકલ્પનાને સાકાર કરવાના ઉદેશ્ય સાથે બનાસ ડેરી દ્વારા કરાયા અનેક વિકાસ કાર્યો.
- પશુ સંવર્ધન માટે ભીલડી ખાતે રૂા. ૩,૨૪,૭૭/- કરોડના ખર્ચે બનાસ બોવાઈન બ્રીડીંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) નું નિર્માણ કરાશે.
- બાદરપુરા સંકુલમાં રૂા. ૪૫ કરોડના ખર્ચે પ્રતિદિવસની ૫૦ મેટ્રિક ટન ક્ષમતા સાથે ઘઉંના આટા પ્લાન્ટનું નિર્માણ કરાયું છે.
- બનાસ ડેરી ઉપલબ્ધ કરાવશે રસોડામાં જરૂરી ચીજવસ્તુઓ, જેવી કે ઓર્ગેનિક ચા, મલ્ટીગ્રેન આટા, ઓર્ગેનિક બાજરી વગેરે.
- બનાસ બેંક દ્વારા સહકાર વિકાસ યોજના અંતર્ગત પશુપાલકોને રૂા. ૫૦,૦૦૦/- સુધી ૦% વ્યાજ દરે કે.સી.સી. પશુપાલન લોન કોઈપણ સિક્યુરીટી વગર આપવાનું શરૂ કરવામાં આવેલ છે.

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સહકારી ક્ષેત્રને સશક્ત, સક્ષમ અને સ્વાવલંબી બનાવવા રાષ્ટ્રને આપેલી "સહકાર થી સમૃદ્ધિ' ની પરિકલ્પનાને સાકાર કરવાના ઉદેશ્ય સાથે બનાસ ડેરી દ્વારા ૧૫ જાન્યુઆરી - ૨૦૨૩ ના રોજ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં બનાસ ડેરી સંકુલ, દિયોદર ખાતે પશુપાલકો અને ખેડૂતોના કલ્યાણ અર્થે હાથ ધરાયેલા પાયલોટ પ્રોજેક્ટ તથા સહકારી સંસ્થાઓના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી એ જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રના વિકાસને નવી ગતિ આપવા માટે તેને વધુ મજબૂત બનાવવા અને તેને સર્વસ્પર્શીય તેમજ સર્વસમાવેશી વિકાસનું મોડેલ બનાવવા માટે બનાસ ડેરી દ્વારા સતત કામ કરવામાં આવી રહ્યું છે.



બનાસ ડેરીનું સહકારી મોડલ અને ભાવના સમગ્ર દેશ માટે પ્રેરણાદાયી છે.

બનાસ ડેરી પશુપાલકો અને ખેડૂતોની જીવાદોરી છે, જેનો ઉદેશ્ય અંતરિયાળ કે છેવાડાના વિસ્તારમાં રહેતી દરેક વ્યક્તિને સહકારી ભાવના સાથે જોડીને આર્થિક વિકાસ સાથે જોડવાનો છે. જિલ્લાના પશુપાલકો અને ખેડૂતોના સર્વાંગી સુખાકારીમાંવધારો કરવાના હેતુ સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં વિવિધ વિકાસના પ્રકલ્પો હાથ ધરવામાં આવેલા છે. બનાસ ડેરી સંકુલ, દિયોદર ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના શુભહસ્તે ભીલડી ખાતે નિર્મિત થનાર બનાસ બોવઈન બ્રિડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) અને પાલનપુર ખાતે નિર્માણ પામનાર બનાસ બેંક નવીન ઓડિટોરિયમ હોલ અને ખેડૂત ટ્રેનીંગ સેન્ટરનું ઇ-ખાતમુહૂર્ત તેમજ બાદરપુરા ઓઈલ સંકુલ ખાતે નિર્મિત થનાર બનાસ ડેરી અલ્ટ્રા મોર્ડન આટા પ્લાન્ટ અને બનાસ વ્હે પ્રોટીન અલ્ટ્રા ફિલ્ટરેશન પ્લાન્ટ, પાલનપુરનું લોકાર્પણ તથા બનાસ ડેરીનાં સંજીવની ખાતર પ્રોડક્ટ, બનાસ ઓર્ગેનિક ખાતર પ્રયોગશાળા અને અમૂલ ઓર્ગેનિક પ્રોડક્ટ, માઈક્રો ATM અને કિસાન ક્રેડીટ કાર્ડ (KCC-પશુપાલન) તેમજ ધી. ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેંક.લી. ના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાના પાયલોટ પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સહકારી ક્ષેત્રમાં રહેલી સમાજિક અને આર્થિક વિકાસની પ્રગતિની તકોને ઓળખીને બનાસ ડેરી દ્વારા અવનવા દૂધ સિવાયના સાહસો શરૂ કરાયા છે તેમજ ગુજરાત બહાર બનાસ ડેરીનાં પ્લાન્ટોનું નિર્માણ કરાયું છે, જે દેશનાં સહકારી ક્ષેત્રને વધુ મજબુત બનાવે છે.

બનાસ ડેરી, દિયોદર ખાતે પ્રસંગને સંબોધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકારી મંત્રાલયના મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ગુજરાત રાજ્યનું સહકારી માળખું અવ્વલ નંબરે પ્રગતિ કરી રહ્યું છે, તેમાં પણ બનાસ ડેરીનો વિકાસ જોઈને આનંદ અનુભવાય છે. આજે બનાસ ડેરી માત્ર દેશની નહિ પરંતુ એશિયાની સૌથી મોટી ડેરી તરીકે ઉભરી આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં પશુપાલકોના કલ્યાણ અર્થે કાર્યો થઈ રહ્યા છે. અનેક યોજનાઓ અમલમાં મુકાય છે. આજે બનાસકાંઠાની મહિલાઓ આત્મનિર્ભર, સશક્ત અને સક્ષમ બની છે. બનાસ ડેરીની ગૌરવગાથા અને સફળતા જોઈને આનંદ અનુભવું છું.



## ભીલડી ખાતે નિર્મિત થનાર BBBRC નું ખાતમુહૂર્ત કરાયું



ભારતીય નસલની ગાયો/ભેંસોની દૂધ ઉત્પાદકતામાં ઝડપભેર પ્રથમ વેતરથી જ નોંધપાત્ર વધારો કરવો આજની તાતી જરૂરીયાત છે. જે માટે સ્થાનિક ઓલાદની જાળવણી અને વિકાસ જેવી બાબતોને પ્રાથમિક્તા આપી વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. ઘનિષ્ઠ અને વૈજ્ઞાનિક ધોરણે સ્થાનિક ઓલાદોની જાળવણી અને વિકાસ કરવાનાં હેતુસર ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી દ્વારા ભીલડી ખાતે રૂા. ૩૨૪.૭૭ કરોડના ખર્ચે બનાસ બોવાઇન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) નું નિર્માણ કરાશે. બનાસ બોવાઇન બ્રીડીંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) એ બોવાઇન બ્રીડીંગ એન્ડ રીસર્ચ માટે નેશનલ સેન્ટર ફોર એક્સેલન્સ છે. ગાય અને ભેંસની સ્વદેશી દુધાળા જાતિઓ જેમ કે - કાંકરેજ, ગીર, સાહિવાલ, રાઠી, લાલ સિંધી, મુર્રાહ, મહેસાણી અને બન્નીના સંરક્ષણ અને અપગ્રેડેશન માટે બનાવવામાં આવનાર છે. આ વિવિધ જાતિઓની ઉચ્ચ કક્ષાની માતાઓમાંથી વાર્ષિક ૭-૧૦ હજાર ભૂણ ઉત્પન્ન કરવાનો અંદાજ છે. આગામી પેઢીમાં આ જાતિઓની સંખ્યામાં ક્વોન્ટમ લીપ પેદા કરવાના ઉદેશ્ય માટે ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન માટેની આ વિશ્વ કક્ષાની સુવિધા ઊભી કરવામાં આવશે.

આ પ્રોજેક્ટમાં કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય ગોકુલ મિશન યોજના અંતર્ગત રૂા. ૩૯ કરોડની સબસીડી મંજુર કરવામાં આવી છે. BBBRC પ્રોજેક્ટ માટે ભીલડી ખાતે કુલ ૨૩૫ વીઘા જમીનની ખરીદી કરવામાં આવેલ છે. તેમાંથી અંદાજીત ૧૭૫ વીઘા જમીન પર પશુઓ માટે ઘાસચારો ઉગાડવામાં આવશે. તેમજ ઘાસચારા ઉત્પાદન માટે જૈવિક સુરક્ષા સાચવવાના હેતુસર વધુમાં વધુ મિકેનાઇઝેશન કરવામાં આવશે. પ્રોજેક્ટ અંતર્ગત ૫૦૦૦ ક્યુબિક મીટર પ્રતિ દિવસ કાચો ગેસ અથવા પ્રતિ દિવસ ૧૦૦ ટન છાણની ક્ષમતા ધરાવતો બાયોગેસ પ્લાન્ટનું નિર્માણ થશે. તે સિવાય એક અદ્યતન મિલ્ક પાર્લર અને બલ્ક મિલ્ક કુલરની પણ સગવડ ઉભી કરાશે.



## બાદરપુરા ખાતે નવનિર્મિત અલ્ટ્રા મોર્ડન આટા પ્લાન્ટનું લોકાર્પણ કરાયું



બાદરપુરા સંકુલ ખાતે બનાસ ડેરીની આધુનિકતા અને આત્મનિર્ભરતા દર્શાવતા આટા પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટ પ્રગતિ, સુખાકારી અને સુદ્રઢતાનું પ્રતિક તેમજ પશુપાલકો અને ખેડૂતોની સમૃદ્ધિની દિશામાં કટીબદ્ધ બનાસ ડેરીનું વધુ એક સાહસ છે. બનાસ ડેરી દ્વારા બાદરપુરા સંકુલમાં રૂા. ૪૫ કરોડનાં ખર્ચે પ્રતિદિવસની ૫૦ મેટ્રિક ટન ક્ષમતા સાથે ઘઉંના આટા પ્લાન્ટનું નિર્માણ કરાયું છે. આ પ્લાન્ટ આધુનિક પ્રોસેસિંગ ટેકનોલોજીથી સજ્જ છે. ભારતીય ખાણીપાણીની આદતો અને ઘઉંના લોટના પોષક મૂલ્યને ધ્યાનમાં રાખીને આ પ્લાન્ટમાં પ્રાચીન ટેક્નોલોજી સ્ટોન મિલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટ ખેડૂતોના સર્વાંગી વિકાસનું એક સીમાચિન્હરૂપ છે. બનાસકાંઠા જિલ્લાની અંદર આટા પ્લાન્ટનાં નિર્માણનાં લીધે ઘઉંની ખેતી કરતાં ખેડૂતોને પ્રોત્સાહન મળ્યુ છે.

### આટા પ્લાન્ટની વિશેષતા :

- ધૂળ, ધાતુ અને ભુંસીને અલગ કરવા માટે વિવિધ હાઇટેક મશીનરી અને આધુનિક સાધનોની સજ્જતા સાથે ૪૫ કરોડના ખર્ચે ઘઉં આટા પ્લાન્ટનું નિર્માણ કરાયું.
- આ પ્લાન્ટમાં ૪૦ એમ.ટી./કલાકના દરે સયાલોમાં ઘઉં ઉતારવાની ક્ષમતા, ૫૦ એમ.ટી./દિવસનો લોટ પ્રોસેસિંગ અને પેકિંગ કરવાની ક્ષમતા અને ૨૦૦૦ એમ.ટી. ઘઉંના સંગ્રહ માટે સીલો છે.

## બનાસ ડેરી, પાલનપુર ખાતે નવનિર્મિત બનાસ વ્હે પ્રોટીન અલ્ટ્રા ફિલ્ટરેશન પ્લાન્ટનું લોકાર્પણ કરાયું



બનાસકાંઠા જિલ્લો આજે દૂધ ઉત્પાદન થકી સર્વાંગી વિકાસની પરાકાષ્ઠા તરફ ડગ માંડવા સજ્જ બન્યો છે ત્યારે બનાસ ડેરીનો વ્યાપ વધારતા ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી, પાલનપુર ખાતે ૧૦,૦૦૦ કે.જી. પ્રતિ કલાકની ક્ષમતા ધરાવતા બનાસ વ્હે પ્રોટીન અલ્ટ્રા ફિલ્ટરેશન પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં અલ્ટ્રા ફિલ્ટરેશન જેવી આધુનિક તકનીકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બનાસ ડેરીએ વ્હે માંથી ૮૦% સુધી દૂધ પ્રોટીનને કેન્દ્રિત કરવા માટે અત્યાધુનિક વે પ્રોટીન સાંદ્રતા પ્લાન્ટ સ્થાપ્યો છે, જેમાં UHT પ્રોસેસિંગ, પેકિંગ અને ડ્રાયિંગ પ્લાન્ટસની હાલની સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટ થકી અમૂલ બ્રાન્ડ હેઠળ બનાસ ડેરી ભારતમાં પ્રથમવાર વ્હે પ્રોટીન પ્રોડક્ટ લોન્ચ કરશે. બનાસ ડેરી હાઇ પ્રોટીન બટર મિલ્ક અને હાઇ પ્રોટીન લસ્સી પણ બનાવે છે. ૩૨ ગ્રામ સેચેટમાં ૨૫ ગ્રામ શુદ્ધ લેક્ટોઝ ફ્રી વે પ્રોટીન હોય છે અને તેમાં ૫ ગ્રામ BCCA (બ્રાન્ચ્ડ-ચેન એમિનો એસિડ) છે, જે સ્નાયુઓ માટે જરૂરી પોષક તત્વો છે. આ ૩૨ ગ્રામ ગુણવાત્તાયુક્ત વ્હે પ્રોટીનને કોઇપણ ફળોના રસ, પાણી અથવા દૂધ સાથે સારી રીતે મિક્સ કરીને વાપરી શકાય છે. શરીરના સ્નાયુબદ્ધ સમૂહને જાળવવા અને ચપળતા જાળવવા માટે પ્રોટીન આવશ્યક છે સામાન્ય દૈનિક આહાર, યુવાનો અને વૃદ્ધ વ્યક્તિઓ માટે આ પ્રોટિનની જરૂરીયાતનો માત્ર અડધો ભાગ પૂરો પાડે છે. દૂધના મૂલ્યવર્ધન થકી પશુપાલકોને વધુમાં વધુ આર્થિક ફાયદો આપવાનાં હેતુ સાથે વ્હે પ્રોટીન અલ્ટ્રા ફિલ્ટરેશન પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. વ્હે પ્રોટીન પ્લાન્ટનાં નિર્માણનાં કારણે દુધની માંગ અને તેનું મૂલ્યવર્ધન વધશે, જેનો સીધો ફાયદો જિલ્લાના પશુપાલકોને થશે.



## બનાસ ડેરીનાં સંજીવની ખાતર પ્રોડક્ટનો શુભારંભ કરાયો




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે આહ્વાન કર્યું. એમના આહ્વાનને એક ચુનોતી તરીકે સ્વીકારીને બનાસ ડેરીએ ગોબરમાંથી CNG ઉત્પાદન કરતાં બાયો સી.એન.જી. પ્લાન્ટ દામા ખાતે સ્થાપિત કર્યો છે, જ્યાં પ્રાકૃતિક સંજીવની ખાતરનું ઉત્પાદન કરાય છે. આ સંજીવની ખાતર હેઠળ વિવિધ પ્રકારના પ્રાકૃતિક ખાતરની પ્રોડકટ્સ તૈયાર કરવામાં આવે છે. સંજીવની ખાતર હેઠળ વિવિધ પ્રકારના પ્રાકૃતિક ખાતરની પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં આવે છે. સંજીવની ખાતર ૧ કે.જી., ૫ કે.જી. અને ૨૫ કે.જી. ના પેકમાં ઉપલબ્ધ છે, જેણે જિલ્લામાં છોડની વૃદ્ધિ અને ઉત્પાદકતામાં વધારો કર્યો છે. તે ઉપરાંત બનાસ ડેરીએ છૂટક પેકમાં બેક્ટેરિયલ કલ્ચર ઉત્પન્ન કરવા માટે બાયો-ફર્મેન્ટર સુવિધાની સ્થાપના કરી છે, જે છોડને જરૂરી પોષક તત્વો ઉત્પન્ન કરવા માટે જમીનમાં કામ કરશે. ૧૦૦૦ લીટર બાયો-ફર્ટાઇઝરનું ઉત્પાદન કરવાની ક્ષમતા છે, જેને અપગ્રેડ પણ કરી શકાય છે.

ખેડુત રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરવાનું બંધ કરે અને પ્રાકૃતિક ખાતરનો ઉપયોગ કરી ખેતી કરતાં થાય તે માટે બનાસ ડેરી દ્વારા સંજીવની ખાતર પ્રોડકટસનું ઉત્પાદન કરવામાં આવે છે.

# બનાસ ઓર્ગેનિક ખાતર પ્રયોગશાળા અને અમૂલ ઓર્ગેનિક પ્રોડક્ટનો શુભારંભ કરાયો




આજના સમયમાં તણાવયુક્ત જીવન, પ્રદુષણ અને સંક્રામક બીમારીઓની વચ્ચે શરીરને તંદુરસ્ત, સ્વસ્થ રાખવા માટે ઓર્ગેનિક પ્રોડક્ટનો ઉપયોગ કરવો બહુજ જરૂરી છે. બનાસ ડેરીએ તેમની જમીનોના ઓર્ગેનિક સર્ટિફિકેશન અને તેમને ઓર્ગેનિક ઉત્પાદન પ્રેક્ટિસમાં કૌશલ્ય બનાવવા માટે જિલ્લા વહીવટીતંત્રની સાથે ખેડૂતો સાથે કામ કરવાનું શરૂ કરી દીધું છે. નાગરિકોને આરોગ્યવર્ધક, રસાયણ મુક્ત અને ઓર્ગેનિક પ્રોડક્ટસ આપવાના ઉદેશ્ય સાથે બનાસ ડેરીએ અમૂલ ઓર્ગેનિક્સ અંતર્ગત વિવિધ પ્રકારના ઉત્પાદન તૈયાર કરવાની શરૂઆત કરી છે.

આજે અમૂલ ઓર્ગેનિક્સ બ્રાન્ડ હેઠળ બનાસ ડેરી ૧ કિલો અને ૫ કિલોના પેકમાં દેહરાદૂની બાસમતી ચોખા, ૧ કિલો અને ૫ કિલોના પેકમાં સોના મસૂરી ચોખા, લાલ રાજમા અને આખા અડદ સહિત જૈવિક ઉત્પાદનોના ૬SKU લોન્ચ કરી રહી છે. ટૂંક સમયમાં જ અમે રસોડામાં જરૂરી એવી બધી જ વસ્તુઓ, જેવી કે ઓર્ગેનિક ચા, મલ્ટીગ્રેન આટા, ઓર્ગેનિક બાજરીની સંપૂર્ણ શ્રેણી અને અન્ય ઘણા ઉત્પાદનોને પ્રમાણિત ઓર્ગેનિક ઉત્પાદનો સાથે બજારમા ઉતારવામાં આવશે. વર્તમાન ૧૫ ઓર્ગેનિક ઉત્પાદનો બજારમાં ઉપલબ્ધ છે. હાલમાં બનાસ ડેરી પ્રમાણિત ચકાસાયેલ ઓર્ગેનિક ઉત્પાદન અમૂલ ઓર્ગેનિક્સ બ્રાન્ડ હેઠળ ભારતીય ગ્રાહકોને તે પ્રદાન કરી રહી છે, જે અન્ય ઉત્પાદકો કરતા નોંધપાત્ર રીતે સસ્તા છે. અમૂલ ઓર્ગેનીક્સ હેઠળ તૈયાર થયેલ વિવિધ પ્રોડક્ટસ ઓર્ગેનિક ઉત્પાદનો ખૂબ જ કડક ગુણવત્તા પરીક્ષણોમાંથી પસાર થયા પછી જ તમારા સુધી પહોંચે છે, જેથી તમે તેમની ગુણવત્તા વિશે નિશ્ચિત રહી શકો છો.

આ સાહસ બનાસ ડેરીની નવનીતા, ટકાઉપણું તથા કૃષિ અને ડેરી ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસની પ્રતિબદ્ધતા દર્શાવે છે. બનાસ ડેરી ગુણવત્તા, ટેક્નોલોજી અને સહકારી સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારતના કૃષિ લેન્ડસ્કેપમાં નોંધપાત્ર યોગદાન આપવાનું ચાલુ રાખેલ છે.

આગામી ટુંક સમયમાં બનાસ ડેરી પોતાની ઓર્ગેનિક ચા, ઓર્ગેનિક અડદની દાળ, ઓર્ગેનિક બાજરી, ઓર્ગેનિક રાગી, ઓર્ગેનિક જુવાર અને ઓર્ગેનિક બાજરીની સંપૂર્ણ શ્રેણીને પ્રમાણિત ઓર્ગેનિક ઉત્પાદનો સાથે રસોડામાં જરૂરી તમામ ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાશે.

અમૂલ ઓર્ગેનિક ઉત્પાદનો ૧૦૦ ટકા પ્રમાણિત ઓર્ગેનિક ઇનપુટ્સ થી બનેલા છે, જે સંપૂર્ણપણે જંતુનાશક મુક્ત છે. ભારત સરકાર દ્વારા નિર્ધારિત ધારા ધોરણો મુજબ છે પ્રયોગશાળામાં તેની ખાતરી પરીક્ષણ અને પસાર કરાય છે.

માન્યતા પ્રાપ્ત થયેલ અને પ્રતિષ્ઠિત પ્રમાણિત એજન્સી APEDA દ્વારા આ ઉત્પાદન શ્રેણી પ્રમાણિત કરાય છે. ખેડૂતોના ખેતરોથી માંડીને પ્રોસેસિંગ સુવિધા અને વેપારી સંસ્થાઓ સુધીની આખી સાંકળ ઓર્ગેનિક તરીકે પ્રમાણિત છે.

અમૂલ ઓર્ગેનિક પ્રોડક્ટ્સ ખૂબ જ આકર્ષક કિંમતે ઉપલબ્ધ થશે તે દરેકના ખિસ્સામાં ફિટ થઇ શકે અને દરેક પરિવાર ઓર્ગેનિક પ્રોડક્ટ્સ વાપરતો થાય.



# માઈક્રો ATM અને કિશાન ક્રેડીટ કાર્ડનો શુભારંભ કરાયો

બનાસ બેંક દ્વારા સહકાર વિકાસ યોજના અંતર્ગત પશુપાલકોને રૂા. ૫૦,૦૦૦/- સુધી ૦% ટકા વ્યાજ દરે કે.સી.સી. પશુપાલન લોન કોઇપણ સિક્યોરીટી વગર આપવાનું શરૂ કરવામાં આવેલ છે. જેના થકી પશુપાલક બહેનો / ભાઇઓ આકસ્મિક ખર્ચા માટે રૂપે કિસાન કાર્ડનો ઉપયોગ કરી શકશે. આ પ્રોજેક્ટમાં બેંકને નાબાર્ડ અને ગુજરાત બેંક દ્વારા અમૂલ્ય માર્ગદર્શન મળી રહ્યું છે.

બનાસ બેંકના વધતા જતા કામકાજને ધ્યાનમાં લઇ બેંક દ્વારા ચડોતર પાસે જમીન ખરીદવામાં આવી છે તે જમીન ઉપર બેંકને જરૂરી સુવિધાઓ ઉભી કરવા ઉપરાંત ખેડૂતોને ઉપયોગી નવિન સુવિધાઓ ઉપલબ્ધ થશે. તે જમીનનું ભૂમિપૂજન માનનીય સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહના વરદ હસ્તે કરવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લાનાં દરેક પશુપાલકોને કેસીસી કાર્ડ્સ આપવાની સાથે એક નાનકડાં પાઇલટ પ્રોજેક્ટથી શરૂઆત કરાઇ છે. દરેક પશુપાલકોના ખાતાને કોઓપરેટિવ બેંકમાં ટ્રાન્સફર કરવામાં આવી રહ્યાં છે. દૂધની ચૂકવણીઓ સીધી તેમના બેંક ખાતામાં કરવામાં આવી રહી છે. જો આ મોડેલનું અમલીકરણ સમગ્ર દેશમાં કરવામાં આવે તો, ભારતના ડિજિટલ અર્થતંત્રને હજુ વધારે ગતિવાન બનાવવા માટે ખૂબ મોટું પરિવર્તન લાવી શકાશે. સહકારી ક્ષેત્રની પ્રગતિ માટે સહકારી સંગઠનોની વચ્ચે સહકાર સાધવામાં આવે તે ખૂબ જ મહત્તવપૂર્ણ છે. જો દરેક પશુપાલક સહકારી બેંક મારફતે કામ કરશે તો તેનાથી ઓનલાઇન ટ્રાન્ઝેક્શનને મોટું પ્રોત્સાહન મળશે. સહકારી સંગઠનોએ અન્ય સહકારી સંગઠનોને સમર્થન પૂરૂ પાડવું જોઇએ. ખેતી અને પશુપાલન એ ભારતીય અર્થતંત્રના વિકાસને આગળ વધારનાર મુખ્ય ક્ષેત્રો છે. આ ક્ષેત્રો વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવામાં ચોક્કસપણે મહત્વની ભૂમિકા ભજવશે.

ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ પ્રસંગને સંબોધતા જણાવ્યું હતું કે સ્વ. શ્રી ગલબાકાકા એ રોપેલું બીજ આજે વટવૃક્ષમાં રૂપાંતરિત થઇને ગુજરાત સહીત દેશના અન્ય રાજ્યોના પશુપાલકો અને ખેડૂતો માટે જીવાદોરી બની છે. આજથી અંદાજે ત્રણ વર્ષ પહેલા પશુપાલકો અને ખેડૂતોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવા માટે યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીનાં નેતૃત્વમાં સહકાર મંત્રાલયની રચના કરીને સહકારથી સમૃદ્ધિની પરિકલ્પના કરવામાં આવી હતી. આજે સહકારથી સમૃદ્ધિના મોદીજીના સ્વપ્નને દેશના સૌ પ્રથમ સહકાર અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહજી એ સંપૂર્ણપણે સાર્થક કરી બતાવ્યો છે આ વિભાગની રચના બાદ કો-ઓપરેટીવ ક્ષેત્રની પ્રગતિ વધુ તેજ બની છે ગુજરાતનું કો-ઓપરેટીવ મોડલ આખા દેશ માટે પ્રેરણાદાયી છે સહકારી મંત્રાલયે રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસનો રોડમેપ તૈયાર કર્યો છે, જેમાં મા દરેક નાગરિક સામાન હોય સાથે જ વિકાસની તકો અને રાષ્ટ્રના વિકાસમાં પણ સરખો ફાળો હોય તેના પર ભાર મૂકાયો છે. આ દિશામાં દેશને આગળ વધારવા માટે સહકાર ક્ષેત્રનું મહત્વનું યોગદાન બની રહેશે.

બનાસ ડેરીનું કો-ઓપરેટીવ મોડલ આખા દેશ માટે પ્રેરણાદાયી છે. સહકારી ક્ષેત્રમાં રહેલી સમાજિક અને આર્થિક વિકાસની પ્રગતિની તકોને ઓળખીને બનાસ ડેરી દ્વારા પશુપાલકોના કલ્યાણ અર્થે કાર્ય કરાઇ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજી તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહજીનું માર્ગદર્શન હંમેશા બનાસ ડેરીને મળતું રહ્યું છે, જેના થકી આજે સહકારી ક્ષેત્રમાં બનાસ ડેરી અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બની છે.

આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી શ્રી સાંસદશ્રી, ધારાસભ્ય, સહકારી આગેવાનો અને મોટી સંખ્યામાં મહિલા પશુપાલક બહેનો તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસ કાશી સંકુલનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે

## ચેરમેન શ્રી શંકરભાઇ અને બનાસ નિયામક મંડળે વારાણસી ખાતે નિર્માણાધીન પ્લાન્ટની મુલાકાત કરી કામગીરીનું નિરીક્ષણ કર્યું.





માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીએ દિનપ્રતિદિન પ્રગતિને પંથે ચાલતા ગુજરાત સહીત અન્ય રાજ્યોમાં પણ પ્લાન્ટસનું નિર્માણ કર્યું છે, જેના કારણે સહકારિતાનો વ્યાપ વધ્યો છે અને સહકારિતાની ચળવળ મજબુત બની છે. હાલ વારાણસીમાં ૩૦ એકર જમીનમાં ડેરીના નવા પ્લાન્ટનું નિર્માણ કાર્ય ચાલુ છે ત્યારે ૩૦ જાન્યુઆરી ૨૦૨૪ નાં રોજ ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ બનાસ ડેરીનાં નિયામક મંડળ સાથે વારાણસી ખાતે નિર્માણાધીન બનાસ કાશી સંકુલ પ્લાન્ટની મુલાકાત કરીને ચાલુ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તે ઉપરાંત વારાણસી જિલ્લાનાં આરાજી સ્થિત બનાસ એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ ફાર્મની મુલાકાત કરી પશુસંવર્ધનની દિશામાં થતી કામગીરી અંગે સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરી તેમજ એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીની મદદથી નવજાત વાછરડા સાથે સમય પસાર કર્યો હતો.



# માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ પશુપાલન તેમજ ડેરી ક્ષેત્રે સહકારિતાના સમન્વયનો જે માર્ગ પ્રશસ્ત કર્યો તેને અનુસરી વારાણસી ખાતે બનાસ ડેરીના નિર્માણાધીન બનાસ કાશી સંકુલના નિર્માણ કાર્યની સમીક્ષા કરી.




વારાણસી ખાતે નિર્માણધીન બનાસ ડેરીના પ્લાન્ટનું ખાતમુહૂર્ત ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ મોદીજીના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. વારાણસીમાં પ્લાન્ટના નિર્માણ થવાથી ત્યાંના જૌનપુર, મછલીશહર, ચંદૌલી, ભદોહી,ગાઝીપુર, મિરઝાપુર અને આજમગઢના ૧૦૦૦ ગામોના લગભગ ૧ લાખ કરતાં વધુ ખેડૂતો અને પશુપાલકોને દૂધ ઉત્પાદનના વ્યવસાયથી ફાયદો થશે તથા રોજગારના નવા અવસર યુવાઓને પ્રાપ્ત થશે, જે પ્રદેશની આવક અને સર્વાંગી સ્ત્રોત બનશે. વારાણસી ઝડપી વિકાસના મોડેલમાં રૂપાંતરિત થઇ રહ્યું છે. બનાસ ડેરીનો આ નવો પ્લાન્ટ અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીનું માર્ગદર્શન વારાણસીના લોકોના જીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન, સરળતા, સગવડતા અને સુવિધાઓ લાવશે. તે ઉપરાંત વારાણસીનાં આરાજી ખાતે એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી થકી પશુ સંવર્ધનનું કાર્ય થઇ રહ્યું છે, જેના માટે એક એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી થકી તંદુરસ્ત વાછરડાઓનો જન્મ થયો છે, જે ઉત્કૃષ્ટ ઓલાદ પેદા કરવામાં આશીર્વાદરૂપ સાબિત થશે. વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની દીર્ઘદ્રષ્ટિને અનુસરીને ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી કાર્ય કરી રહ્યાં છે. તેમના નેતૃત્વમાં બનાસ ડેરીએ વારાણસી ખાતે બનાસ કાશી સંકુલ, પ્લાન્ટનું નિર્માણ કરી રહી છે, જેનું નિર્માણ કાર્ય ઝડપી પૂર્ણ થઇ જશે આજે બનાસ ડેરી સ્થાનિક સમુદાયો, ગુજરાત બહારના સમુદાયો, ખાસ કરીને ખેડૂતો, પશુપાલકો અને મહિલાઓને સશક્ત બનાવવાનું કેન્દ્ર બની ગયું છે. ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ઓડીશા, આંધ્રપ્રદેશ અને ઝારખંડ જેવા રાજ્યોમાં બનાસ ડેરીએ પોતાની શાખા શરૂ કરીને ખેડૂતો અને પશુપાલક સમુદાયને મદદ કરી રહી છે. સહકારી વિચારધારાના વિસ્તરણથી દેશના ખેડૂતો-પશુપાલકો સમૃદ્ધ બને તથા તેમની આવક વધે તે માટે બનાસ ડેરી સતત પ્રયન્તશીલ છે.

# “ગૌ સંવર્ધનમ, રાષ્ટ્ર વર્ધનમ”


## વારાણસીના આરાજી ખાતે આવેલ બનાસ ડેરીના એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ ફાર્મમાં આધુનિક એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીની મદદથી જન્મેલ નવજાત વાછરડીઓ સાથે સ્નેહ અને સેવાભર્યો સમય પસાર કરતા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી



વારાણસીમાં દેશી ઓલાદ સુધારણા કાર્ય હેઠળ ઉચ્ચ વંશની ૧૫૦ ગીર ગાયોમાંથી, ગર્ભ પ્રત્યારોપણ દ્વારા ઉચ્ચ દૂધ આપતી વાછરડીઓ બનાવવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૩૬ ગાયોનું ફળદ્રુપ કરવામાં આવ્યું છે, જેમાંથી ૨૭ ગાયો વારાણસીના આરાજી ફાર્મ ખાતે ખસેડવામાં આવી છે. વારાણસીમાં બીમાર પ્રાણીઓની સારવાર માટે પશુ ચિકિત્સા સેવાઓ કાર્યરત છે અને હાલમાં ૨૦ ગામોમાં બીજ દાન અને રસીકરણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.

ઉત્તર પ્રદેશના પશુઓના સ્વાસ્થ્ય અંગે ચિંતિત, બનાસ ડેરીએ ખેડૂતો અને પશુપાલકોને સંપૂર્ણ પોષણ આપવા માટે ૮૦૦૦ મેટ્રિક ટનથી વધુ બનાસ કેટલ ફીડ-ડાયટ પહોંચાડ્યા છે. ભવિષ્યમાં બનાસ ડેરી પશુ આહાર માટે દરરોજ ૧૦૦૦ મેટ્રિક ટનનો પ્લાન્ટ સ્થાપશે, જે પશુઓને પૌષ્ટિક ખોરાક આપશે અને રોજગારી આપશે, આ સાથે તે ત્યાના ખેડૂતો પાસેથી સીધું કૃષિ અનાજ ખરીદશે, જેનો સીધો ફાયદો ખેડૂતોને થશે.










## બાબા કાશી વિશ્વનાથ ધામમાં શીશ નમાવી પશુપાલકોની સુખાકારી માટે અભ્યર્થના કરતાં ચેરમેન શ્રી શંકરભાઈ



વારાણસી ધાર્મિક અને સાંસ્કૃતિક વારસા માટે વિશ્વ પ્રસિદ્ધ છે ત્યાં સ્થિત કાશી વિશ્વનાથ મંદિર ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગમાંથી એક છે. માન્યતા છે કે કાશી ભગવાન શિવના ત્રિશૂળ ઉપર ટકેલું છે. કાશી પુરાતન સમયથી જ અધ્યાત્મનું કેન્દ્ર રહ્યું છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ભક્તિભાવ સાથે વારાણસીમાં પવિત્ર જ્યોતિર્લિંગ બાબા કાશી વિશ્વનાથ અને કાળ ભૈરવના દર્શન કરીને પશુપાલક તેમજ ખેડૂત પરિવારોની સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી.

# નવા વર્ષના પ્રથમ સૂર્ય કિરણોના આગમન સાથે ચેરમેન શ્રી શંકરભાઈ નાડાબેટ ખાતે સામુહિક સૂર્ય નમસ્કારમાં સહભાગી બન્યા.









નવા વર્ષની શરૂઆત સાથે ગુજરાત રાજ્ય યોગા બોર્ડ દ્વારા ૧૦૮ જગ્યાએ સૂર્ય નમસ્કાર કાર્યક્રમના ભાગરૂપે નડાબેટ ખાતે આયોજીત સામુહિક સૂર્યનમસ્કારમાં ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ સહભાગી થઇને સૂર્યનમસ્કાર કર્યા.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા રાજ્ય વ્યાપી સૂર્યનમસ્કાર અભિયાનની શરૂઆત કરાઇ હતી. જેમાં નડાબેટ ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં સામૂહિક સૂર્યનમસ્કારનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં સમૂહમાં સૂર્યનમસ્કાર કરવામાં આવ્યા હતા. આ સાથે ચેરમેનશ્રીએ આ પ્રસંગે ઉદબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સૂર્ય નમસ્કાર એ ઋષિમુનિઓ પાસેથી વારસામાં મળેલ અનમોલ ભેટ છે, જે શરીરને ઉર્જાવાન અને મનને શાંત કરી એકાગ્રતામાં વધારો કરે છે તેમજ સકારાત્મક વિચારોનું સિંચન કરે છે. આપણે સૌએ શરીર, મન અને આત્માની શાંતિ માટે નિયમિત પણે સૂર્યનમસ્કાર કરવા જોઇએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના "ફિટ ઇન્ડિયા' ના વિઝન અને મુખ્યમંત્રીના 'સ્વસ્થ ગુજરાત' ના મિશન સાથે યોગાભ્યાસ થકી સ્વાસ્થ્ય અંગેની જાગૃતિ ફેલાવવાનો ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો નવતર અભિગમ એટલે ગુજરાતમાં પ્રથમ વખત આયોજિત રાજ્યવ્યાપી 'સૂર્યનમસ્કાર મહાઅભિયાન. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીએ યોગ દિવસ ઉજવવા માટે પ્રસ્તાવ મૂક્યો હતો. આપણાં PM સ્વદેશ હિતની સાથે સમગ્ર વિશ્વનો પણ વિચાર કરે છે. જેનાકારણે આજે યોગમાં ગુજરાત રોલ મોડલ બન્યું છે.

ઘણા લોકો એવું માને છે કે 'સૂર્ય નમસ્કાર' એ માત્ર એક યોગ કસરત છે જે તમારી પીઠ અને સ્નાયુઓને મજબૂત બનાવે છે. પરંતુ આ ખોટું છે. મનુષ્યની સમગ્ર શારીરિક સિસ્ટમ માટે આ એક ઉત્તમ વર્કઆઉટ છે. જેને કોઇપણ સાધનસામગ્રીના ઉપયોગની જરૂર નથી અને માત્ર દસ મિનિટમાં થઇ જાય છે બદલાતા યુગમાં સ્વાસ્થ્ય પ્રત્યે લોકોમાં જાગૃતિ વધી રહી છે. આરોગ્યપ્રદ જીવન શૈલી માટે યોગ અને ઉત્તમ સાધન છે. એટલા માટે જ વડાપ્રધાનજીના માર્ગદર્શનમાં સરકારે યોગ યુનિવર્સિટીની શરૂઆત પણ કરી છે. વિકસિત ભારત માટે સ્વસ્થ, તંદુરસ્ત સમાજ અનિવાર્ય છે. રોજીંદા જીવનમાં સૂર્ય નમસ્કાર કરીને લોકોને સ્વસ્થ રહેવા માટે પ્રેરણા આપવી જોઇએ. સૂર્ય જીવનનો સ્ત્રોત છે, તે આપણને પ્રેરણા આપે છે. ટેકનોલોજીના જમાનામાં ઘણા લોકો સોશિયલ મીડિયામાં વ્યસ્ત રહે છે ત્યારે નાગરિકોને વિનંતી છે કે જીવનમાં સમય નીકાળીને સૂર્ય નમસ્કાર કરવા જોઇએ.



# બનાસ ડેરીના આંગણે યોજાયો સામુહિક સૂર્યનમસ્કાર કાર્યક્રમ



સમગ્ર રાજ્યમાં આયોજિત સૂર્ય નમસ્કાર મહા અભિયાન કાર્યક્રમ અંતર્ગત બનાસ ડેરી, પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લાના સંસાદ તેમજ બનાસ ડેરીના ડિરેકટર શ્રી પરબતભાઇ પટેલે નવા વર્ષના પ્રથમ દિવસે સામુહિક સૂર્ય નમસ્કારમાં ઉપસ્થિત રહી સૌને કેલેન્ડર નવા વર્ષ ૨૦૨૪ ની શુભેચ્છાઓ પાઠવી અને નવા વર્ષમાં શરીર, મન અને આત્માને સ્વસ્થ રાખવા માટે સુર્યનમસ્કારને રોજીંદા જીવનમાં અપનાવવા માટે અનુરોધ ર્ક્યો તેમણે કહ્યું હતું કે રોજ સૂર્ય નમસ્કાર કરવાથી શરીર રોગોથી દૂર રહેશે. સૂર્ય નમસ્કાર કોઇપણ ઉંમરની વ્યક્તિ કરી શકે છે. પ્રાચીન સમયથી સૂર્ય નમસ્કાર ચર્ચામાં રહ્યું છે અને હવે તેની ખ્યાતિ વિદેશમાં પણ ફેલાઇ છે. સૂર્ય નમસ્કાર કરવાથી તન, મન અને વાણી ત્રણેય શાંત થાય છે અને ઉર્જા મળે છે. આ પ્રસંગે બનાસ ડેરીના મેનેજિંગ ડિરેકટર શ્રી સંગ્રામસિંહ તેમજ એક્ઝયુક્યુટીવ ડિરેકટર શ્રી બ્રીગ. વિનોદ બાજીયા તેમજ કર્મચારીઓ જોડાયા હતા.



બનાસ કાંઠાના સાંસદ અને બનાસ ડેરીના ડિરેકટર શ્રી પરબતભાઇ પટેલે કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું સૂર્ય નમસ્કારનો નિયમિત અભ્યાસ કરવાથી માનસિક સ્વાસ્થ્ય સુધરે છે, જેનાથી સર્જનાત્મકતા, સાહજિક ક્ષમતા, નિર્ણય લેવાની ક્ષમતા, નેતૃત્વ, કૌશલ્ય અને આત્મવિશ્વાસ વધે છે સૂર્ય નમસ્કારને 'ઇ અલ્ટીમેટ આસન' તરીકે પણ ઓળખવામાં આવે છે.



તે પીઠ તેમજ તમારા સ્નાયુઓને મજબુત બનાવે છે અને બ્લડ સુગર ઘટાડે છે. તે ચયાપચન અને રક્ત પરિભ્રમણને પણ સુધારે છે. જેના કારણે સ્કિન ચમકતી બને છે. દરરોજ સવારે માત્ર ૧૦ મિનિટ સૂર્ય નમસ્કાર કરવા માટે સમર્પિત કરવાથી જીવનના લગભગ દરેક પાસાઓમાં ઘણો બદલાવ આવી શકે છે. સૂર્ય નમસ્કારનો  અર્થ નામ પરથી જ સરળતાથી સમજી શકાય છે. સૂર્ય નમસ્કાર એક આસન નથી પરંતુ વિવિધ આસનોનો સમૂહ છે તેમ કહી શકાય. યોગમાં કરવામાં આવતા આસનોમાંથી સૌથી શ્રેષ્ઠ સૂર્ય નમસ્કાર છે. સૂર્ય નમસ્કાર કરવાથી આખા શરીરની કસરત થઇ જાય છે.

# બનાસ ડેરી શ્વેતક્રાંતિનું સરનામું અને સહકારિતાની ઓળખ



દૂધઉત્પાદન થકી સશક્ત, સક્ષમ અને સ્વાવલંબી બને છે મહિલા પશુપાલક



મધની ખેતી થકી સમૃદ્ધિમાં વધારો કરી મીઠી ક્રાંતિનું સર્જન કરે છે મહિલા ખેડૂત




દૂધઉત્પાદન થકી સશક્ત, સક્ષમ અને સ્વાવલંબી બને છે મહિલા પશુપાલક



પશુઓના ગોબરને વેચીને સાઈડ ઈન્કમ કમાય છે મહિલા પશુપાલક

# વૈશ્વિક પ્લેટફોર્મ પર બનાસ







વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૨૪ માં ગાંધીનગર ખાતે બનાસકાંઠા જિલ્લામાં સ્થાપિત થનાર ગોબર આધારિત ચાર CBG પ્લાન્ટ અંગે સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાનના પ્રમુખ શ્રી ટી સુઝુકી એ સમિટમાં સૌને અવગત કર્યા. જિલ્લાની અંદર ગોબર આધારિત પ્લાન્ટ શરૂ થતા ગ્રીન અને ક્લીન એનર્જી ઉત્પન્ન થશે, પ્રદુષણ ઘટશે સાથે પર્યાવરણની જાળવણી પણ થશે, ગ્રામ્ય વિસ્તારમાં સ્વછતા વધશે અને પશુપાલકોની આવક વધશે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૨૪ અન્વયે ગાંધીનગર ખાતે બનાસકાંઠા જિલ્લામાં સ્થાપિત થનાર ગોબર આધારિત ચાર CBG પ્લાન્ટ સંદર્ભે બેઠક યોજીને સુઝુકી મોટર કોર્પોરેશનના પ્રમુખ શ્રી ટી સુઝુકી, NDDBના અધ્યક્ષ શ્રી ડો. શાહ મીનેશજી અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સપ્ટેમ્બર ૨૦૨૩ માં જાપાન ખાતે યોજાયેલી પ્રારંભિક બેઠકના ફોલો-અપ બાબતે તેમજ સમગ્ર રાજયમાં વિવિધ ક્ષમતાના બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાના સંદર્ભમાં ગુજરાત માટે વિઝન તેમજ સમગ્ર રાજ્યમાં વિવિધ ક્ષમતાના બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાના સંદર્ભમાં ગુજરાત માટે વિઝન ૨૦૩૦ ઘડવા માટે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લાની અંદર ગોબર આધારિત પ્લાન્ટ શરૂ થતાં ગ્રીન અને ક્લીન એનર્જી ઉત્પન્ન થશે, પ્રદુષણ ઘટશે સાથે પર્યાવરણની જાળવણી પણ થશે, ગ્રામ્ય વિસ્તારમાં સ્વસ્છતા વધશે અને પશુપાલકોની આવક વધશે. આ બેઠકમાં સુઝુકી મોટર ઈન્ડિયા લિમિટેડના ચેરમેન શ્રી આર.સી. ભાર્ગવ, સુઝુકી મોટર કોર્પોરેશનના ઈવીપી શ્રી કેનિચી આયુકાવા, મારૂતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડના મેનેજીંગ ડિરેક્ટર એચ ટેક્યુચી અને સુઝુકી મારૂતિ લિમિટેડ જાપાનના મેનેજીંગ ડિરેક્ટર એચ ડોમિચી પણ ઉપસ્થિત રહ્યા હતા.



# સફળતાની સિદ્ધિ : બનાસ ડેરીએ કર્યું ૧ કરોડ લીટર દૂધનું સંપાદન

## ચેરમેન શ્રી શંકરભાઈનાં કુશળ વહીવટ અને આયોજન હેઠળ બનાસ ડેરીએ પોતાના પ્લાન્ટની ક્ષમતા કરતાં વધુ દૂધનું સંપાદન કરી સર્જ્યો રેકોર્ડ

એશિયાની સૌથી મોટી બનાસ ડેરી કઈ એમને એમજ ડેરી ક્ષેત્રમાં અગ્રેસર નથી આવી. બનાસ ડેરીએ સુકા વિસ્તારમાં દુધની નદી વહેવડાવીને શ્વેતક્રાંતિનું સર્જન કર્યું છે, જેમાં લાખો પશુપાલક અને ખેડૂત પરિવારોનું અમૂલ્ય યોગદાન રહેલું છે. પશુપાલકોના અમૂલ્ય યોગદાન અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના કુશળ નેતૃત્વ થકી બનાસ ડેરીએ ચાલુ વર્ષમાં પ્રતિદીન દૂધ સંપાદનમાં ૧ કરોડ લીટર દૂધનું સંપાદન કરીને શ્વેતક્રાતિ ક્ષેત્રે રેકોર્ડનું સર્જન કર્યું છે. જ્યારથી શંકરભાઈ ચૌધરીની બનાસ ડેરીના ચેરમેન તરીકેની વરણી થઈ છે ત્યારથી, એટલે કે છેલ્લા ૮ વર્ષથી દૂધની આવકમાં વધારો થવાનો સિલસિલો ચાલી રહ્યો હતો. જે ચાલુ વર્ષે ઐતિહાસિક સપાટી વટાવી ચૂક્યો છે. જોકે સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે આ વધારા પાછળનું મોટું કારણ છે બનાસ ડેરીનું યોગ્ય વહીવટ અને ડેરી સાથે જોડાયેલ પશુપાલનનો વ્યવસાય.

બનાસ ડેરીનો યોગ્ય વહીવટ કરનાર ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી બદલાતા જમાના સાથે ખેડૂતો અને પશુપાલકો સાથે તાલથી તાલ મિલાવીને ચાલી રહ્યા છે, જેના કારણે પશુપાલન ક્ષેત્રે પણ નવો કિર્તિમાન હાસંલ કર્યો છે. બનાસ ડેરીની સમગ્ર ટીમના સુદઢ અને સમયસરના આયોજનને પરિણામે આટલા મોટા દૂધના જથ્થાનો પડકારજનક સ્થિતિમાં અવેર થઈ રહ્યો છે. સાથે સાથે જે પ્રમાણે દૂધની આવક વધી રહી છે તે સમયમાં એક પણ મિલ્ક હોલીડે રાખ્યા વગર જ દૂધનું સંપાદન કરવામાં આવી રહ્યું છે, આ બધું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પ્રખર નેતૃત્વ શક્તિના કારણે સફળ બની રહ્યું છે. દૂધના વ્યવસાયની સાથે સાથે બનાસ ડેરીએ અનેક નવા વ્યવસાયો ઉભા કર્યા છે. એટલું જ નહીં બનાસ ડેરીએ તેમાં દૂધ ઉત્પાદકોને વળતર આપવામાં પણ વિશ્વના તમામ દેશોને પાછળ છોડ્યા છે. આ બધુ કુશળ વહીવટના કારણે શક્ય બની રહ્યું છે.



## બનાસ ડેરીમાં પાછલા ૫ વર્ષમાં દૂધની સૌથી વધુ દૈનિક આવકના આંકડા.




- વર્ષ ૨૦૧૯ - ૨૦ માં ૭૩.૭૨ લાખ લીટર નોંધાઈ
- વર્ષ ૨૦૨૦ - ૨૧ માં ૮૫.૯૮ લાખ લીટર નોંધાઈ
- વર્ષ ૨૦૨૧ - ૨૨ માં ૯૦.૫૮ લાખ લીટર નોંધાઈ
- વર્ષ ૨૦૨૨ - ૨૩ માં ૮૬.૫૦ લાખ લીટર નોંધાઈ
- વર્ષ ૨૦૨૩ - ૨૪ માં ૧ કરોડ લીટર નોંધાઈ

બનાસ ડેરી દિનપ્રતિદિન પ્રગતિના કાર્યો કરીને વિકાસની દિશામાં આગળ વધી રહી છે. સ્વ. શ્રી ગલબા કાકાએ રોપેલું સહકારી બીજ આજે ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના નેતૃત્વમાં વટવૃક્ષમાં રૂપાંતરિત થયું છે, જે બનાસકાંઠા જિલ્લા સહીત દેશના અન્ય રાજ્યોને શીતલ છાયો આપવાનું કામ કરે છે. આ વટવૃક્ષ સમાન બનાસ ડેરીએ હંમેશા રેકોર્ડ સર્જીને સૌને આશ્ચર્યચકિત કર્યા છે. તાજેતરમાં પણ બનાસ ડેરીએ પોતાની ક્ષમતા કરતાં વધુ દૂધનું સંપાદન કરી રેકોર્ડ બનાવ્યો છે. બનાસ ડેરીએ પ્રતિદિન દૂધ સંપાદનમાં ૧ કરોડ લીટર દૂધનું સંપાદન કરીને શ્વેતક્રાંતિની સિદ્ધિમાં વધુ એક મોરપીંછ ઉમેર્યું છે, જેના થકી બનાસ ડેરીએ દેશનું ન માત્ર દેશ સ્તરે પરંતુ વિશ્વફલક પર ગૌરવ વધાર્યું છે.

માન. ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના સક્ષમ નેતૃત્વ હેઠળ પશુપાલકોની મહેનત અને બનાસ ડેરીના સચોટ વ્યવસ્થાથી દૂધ સંપાદનનો ઊંચા રેકોર્ડ નોંધાયા છે. દૂધ ઉત્પાદનનું મૂલ્યવર્ધન અને પ્રોડક્ટ્સમાં વેલ્યુએડિશન કરીને પશુપાલકોને તેનો ફાયદો અપાવવા તેમજ ગ્રામીણ અર્થવ્યવસ્થાને વધુ મજબુત અને સક્ષમ બનાવવા બનાસ ડેરી કટિબદ્ધ છે. શ્વેતક્રાંતિનો ઇતિહાસ રચનાર વિશ્વ પ્રસિદ્ધ બનાસ ડેરીએ કુશળ વહીવટ, નિયમબદ્ધ સંચાલન અને સચોટ વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડે છે. ચેરમેન શ્રી લાખો પશુપાલકોની જીવાદોરી સમી બનાસ ડેરીમાં વિક્રમજનક દૂધની આવક નોંધાઇ છે. દૂધ સંપાદનની ક્ષમતા ૫૬ લાખ લીટર છે, પરંતુ કુશળતાથી વહીવટ કરીને બનાસ ડેરી ક્ષમતા કરતાં વધુ વિક્રમજનક દૂધ સંપાદન કરીને શ્વેતક્રાંતિમાં રેકોર્ડ રચે છે.



## બનાસ ડેરીનાં પટાંગણમાં કરાઈ ૭૫ માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી



૨૬ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ બનાસ ડેરીનાં પટાંગણમાં ૭૫ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઇ ચૌધરીના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું. તેમણે સહકારથી સમૃદ્ધિ અને વિશ્વાસથી વિકાસના પથ પર અગ્રેસર રહેતા સૌ બનાસવાસીઓ તેમજ બનાસ ડેરીનાં કર્મચારીઓને પ્રજાસત્તાક પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

બનાસ ડેરીનાં અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની હાજરીમાં શ્રી સંગ્રામભાઇ ચૌધરીએ સ્વાતંત્ર્ય સેનાનીઓ, બંધારણ ઘડવૈયાઓ સહિત દેશને મજબૂત અને સુરક્ષિત રાખનારા વીર જવાનોને યાદ કરીને પુષ્પાંજલી અર્પણ કરી હતી તેમણે પ્રાસંગીક સંબોધનમાં જણાવ્યું હતું કે આપણો તિરંગો, સ્વાતંત્ર ભારત અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતિક છે, જે દેશના નાગરિકોની આશા અને આકાંક્ષા, સાર્વભૌમ, લોકશાહી અને પ્રજાસત્તાક રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે. મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓના સપનાઓ સાકાર કરવા પશુપાલક, ખેડૂત અને યુવાનોએ સંયુક્તપણે આગળ આવવું જોઇએ.



# બનાસકાંઠાના પશુપાલકોને ૫૦,૦૦૦ ની લીમીટ સાથે ૦ ટકાના વ્યાજે ક્રેડિટ કાર્ડ આપવાની કરાઈ શરૂઆત.




બનાસકાંઠાના પશુપાલકોને બનાસડેરી દ્વારા નવા વર્ષ ૨૦૨૪ ની અનોખી ભેટ મળી છે. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ અનોખી જાહેરાત કરી છે. જેનાથી પશુપાલકોનાં ચહેરા પર અપાર ખુશી જોવા મળી રહી છે. બનાસડેરીએ દૂધ ભરાવતા પશુપાલકોને ક્રેડિટ કાર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ ક્રેડિટ કાર્ડ ૫૦ હજારની લિમિટ સાથે ૦ ટકા વ્યાજે આપવામાં આવશે, જેની શરૂઆત ૧૫ જાન્યુઆરીથી કરી દેવામાં આવી છે.






# બનાસ ડેરીએ અમલમાં મૂકી દેશી ગાયની વાછરડી ભેંસની પાડી ઉછેર સહાય યોજના







બૃહદ બનાસકાંઠા જીલ્લો એ પશુપાલન આધારીત જિલ્લો છે. જિલ્લામાં અન્ય ઉદ્યોગોના અભાવે મોટાભાગના ખેડૂતો દૂધ થકી પોતાનો આર્થિક વ્યવહાર ચલાવે છે. પરંપરાગત રીતે આપણા દૂધ ઉત્પાદકો ગાય અને ભેંસના ઉછેરનું કામ કરતા હતા. વાછરડી અને પાડી ઉછેર ખર્ચાળ હોવાથી પશુપાલકોમાં વાછરડી અને પાડી ઉછેર માટે ઉદાશીનતા જોવા મળી રહેલ છે. જેના કારણે કિંમતી આનુવંશિક ગુણો ધારવતી ગાય અને ભેંસનું ઉછેરનું કામ ઓછું થયું છે. જિલ્લાના દૂધ ઉત્પાદકોના આર્થિક ઉપાર્જન તેમજ કિંમતી આનુવંશિક ગુણો ધરાવતી ગાય અને ભેસના બચ્ચાઓના ઉછેર કરવાની પ્રવૃતિને વેગ મળે તે માટે દૂધ ઉત્પાદકોના હિતાર્થે દેશી ગાયની વાછરડી-ભેંસની પાડી ઉછેર સહાય યોજના સામેલ શરતો અને નિયમોને આધીન અમલમાં મુકેલ છે. આ યોજના અંતર્ગત જિલ્લામાં જે પશુમાલિકો પોતે કે તેમના વારસદારો પાડી/દેશી ગાયની વાછરડી ઉછેરવા માગતા હોય તેવા પશુ માલીકો ૯ મહીના કે તેનાથી નાની ઓછામાં ઓછી ૧૦ દેશી ગાયની વાછરડીઓ કે ભેંસની પાડી તેમની પાસે હોય કે વેચાણથી લાવીને સદર સહાય યોજનાનો લાભ લઇ શકશે અને યોજના થકી વૈજ્ઞાનિક ઢબે ઉછરેલ પાડી-વાછરડીનો મૃત્યુ દર ઘટશે, બાળપણમાં પાડી-વાછરડીનો સારો વિકાસ થશે, પ્રથમ વિયાણની ઉંમર ઘટશે, જીવન કાળનું કુલ દૂધ ઉત્પાદન વધશે ને જિલ્લાના વાતાવરણમાં વધુ દૂધ આપતી ભેંસ અને દેશી ગાયના બચ્ચાઓને વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરી સદર ગાભણ પાડી/દેશી વાછરડીઓ બૃહદ બનાસકાંઠા જિલ્લાના દૂધ-ઉત્પાદકોને સરળતાથી મળી રહેશે.

સંઘ દ્વારા પાડી/દેશી ગાયની વાછરડી ઉછેર માટે નિયમ મુજબ જરૂરી મિલ્ક રીપ્લેસર, બચ્ચા દાણ, બનાસ ગાય દાણવિકાસ દાણ, મીનરલ મિક્ષ્ચર, દૂધ પાવાની ધાવણી, કૃમિનાશક દવા વગેરેમાં પ્રવર્તમાન ભાવના ૫૦% પ્રમાણે રૂા. ૧૫,૪૧૩/- અને વધુમાં નક્કી કરેલ માપદંડ મુજબ બચ્ચાનો વિકાસ થઈને ગાભણ થયેથી વધારાની સંઘ સહાય રૂા. ૫૦૦૦/- ઘાસચારા પેટે આપીને કુલ સંઘ સહાય રૂા.૨૦,૪૧૩/- પ્રતિ બચ્ચાદીઠ મળવાપાત્ર રહેશે તેમજ સાથે સાથે સંઘ દ્વારા અમલિત વિવિધ સહાય યોજનાઓ જેવી કે ગમાણ, વાડા સહાય, એનિમલ કુલિંગ, પશુ ઘોડી, પશુવીમા અને ચાફકટર વગેરે સહાયનો લાભ શરૂઆતથી જ મળવાપાત્ર રહેશે.

# સૌર ઉર્જાની દિશામાં પ્રગતિઃ
# વારાણસીમાં નિર્માણાધીન બનાસ કાશી સંકુલ સોલાર પેનલથી સજ્જ





વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિનાં કારણે આજે સૌર ઉર્જા એક મહત્વપૂર્ણ વિકલ્પ તરીકે ઉભરી આવ્યો છે ત્યારે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના માર્ગદર્શનમાં બનાસ ડેરીએ સૌર ઉર્જાને અપનાવીને ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધી વારાણસી ખાતે નિર્માણધીન પ્લાન્ટમાં ૧ મેગાવોટનો સોલાર પ્લાન્ટ લગાવી સૌર ઉર્જાનો ઉપયોગ શરૂ કર્યો છે. બનાસ ડેરીના પાલનપુર, ફરીદાબાદ, લખનૌ અને કાનપૂર પ્લાન્ટમાં પહેલેથી જ ૨.૪ મેગાવોટની કુલ સોલાર પ્લાન્ટની ક્ષમતા છે. આ ચાર પ્લાન્ટમાં કુલ રૂા. ૯.૯૫ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું, જેમાંથી તેમણે છેલ્લા ૬૮ મહિનામાં સૌર ઉર્જામાંથી કુલ રૂા ૧૫.૭ કરોડની વિજળી મેળવી છે. કદમ થી કદમ મિલાવી સૌર ઉર્જાની દિશામાં બનાસ કાશી સંકુલ પણ અગ્રેસર રહેશે.





# પ્રાકૃતિક ખાતર, સમૃદ્ધિનું વાવેતર




“ખેડ,ખાતર અને પાણી નસીબને લાવે તાણી'' આ કહેવતથી તો આપણે બધા જ પરિચત છીએ. કોઈપણ પાકનું સારૂ ઉત્પાદન લેવું હોય તો તે પાકને એની જરૂરિયાત પ્રમાણેનો ખોરાક મળવો જોઈએ. આપણે આપણું જ વિચારીએ સવાર થી રાત સુધી આપણે જ મહેનત કરીએ છીએ એ શરીરને ટકાવી રાખવા માટે ખોરાકની તો જરૂરીયાત છે. સવારમાં શિરામણ હોય, બપોરે બપોરૂ હોય અને સાંજે વાળું હોય આમ આપણા શરીરની શક્તિ અને વૃદ્ધિ અને વિકાસ માટે જેમ આપણને ખોરાક જોઈએ એમ ખેતરના પાક અને વનસ્પતિને પણ પોતાનું જીવન ટકાવી રાખવા અને વૃદ્ધિ અને વિકાસ માટે તેમજ સારા ઉત્પાદન માટે પોષક તત્વો જોઈએ અને આ પોષક તત્વો તે જમીનમાંથી મેળવે છે અને આપણે આ પોષક તત્વોનો ઉમેરો રાસાયણિક રૂપે સેન્દ્રીય રીતે કે પછી જૈવિક ખાતરના રૂપમાં કરતા હોઈએ છીએ. હવે રાસાયણિક ખાતરો સરવાળે બહુ મોંઘા પડે છે, ક્યારેક વધારે પડાતા ઉપયોગને કારણે તેની કેટલીક જમીન પર માઠી અસરો પણ ધ્યાનમાં આવી છે. જ્યારે સેન્દ્રીય ખાતર પણ હવે ક્યાં પૂરતા પ્રમાણમાં મળે છે. તો પછી હજુ આપણી પાસે એક સરસ વિકલ્પ છે અને તે છે જૈવિક ખાતરોના ઉપયોગ. સેન્દ્રીય ખાતરોની સાથે સાથે જો આપણે જૈવિક ખાતરોનો ઉપયોગ પણ આપણી જમીનમાં કરીએ તો જમીનનું વ્રત, જમીનનો બાંધા, જમીનની ફળદ્રુપતા, જમીનની ઉત્પાદકતા એ લાંબો સમય ટકી રહે અને જમીન જીવતી રહેશે.

રાસાયણિક ખાતરોના આડેધડ અને વધુ ઉપયોગને લઈને ખેતીમાં ઉત્પાદન ઘટી રહ્યું હોવાની બૂમ પાડી રહી છે, જેને લઈને કેટલાક ખેડૂતો ઓર્ગેનિક ખાતરો તરફ વળી રહ્યાં છે. એક તબક્કે રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરવાથી ખેતરોમાં પ્રારંભમાં તો ઉત્પાદન સારૂ મળે છે પણ ત્યારબાદ તેની આડઅસરો વધતી જતી હોવાથી ખાતરોમાં ઉત્પાદન ઘણું ઓછું મળતું થઈ જાય છે, પરિણામે ખેડૂત રાસાયણિક ખાતરોનો વધુ ઉપયોગ કરતો થઈ જાય છે. અંતે ખેતરોમાં આ રાસાયણિક ખાતરોની આડઅસર વધુ જોવા મળે છે. જો રાસાયણિક ખાતરની જગ્યાએ ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ

ઉપયોગ કરવામાં આવે તો ખેતરોમાં ઉત્પાદન વધે તો છે જ પરંતુ આ ખાતરોની ખેતરોમાં કોઈ આડઅસર થતી નથી.

**રાસાયણિક ખાતરના ઉપયોગથી થતી અસરો.**

રાસાયણિક ખાતર પેટ્રોલિયમ પેદાશોમાંથી બનાવવામાં આવે છે. છોડને જરૂરી એવા ૧૬ પોષક તત્વોમાંથી માત્ર નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ પૂરો પાડે છે. જમીનમાંના ઉપયોગી સુક્ષ્મજીવોના પોષણ માટે ૧૦ ટકા જેટલો આધાર પૂરો પાડે છે અને તે કેટલીક વખત હાનિકારક નિવડે છે. જમીનને સખત બનાવે છે અને ખેડમાં મુશ્કેલી ઉભી થાય છે. રાસાયણિક ખાતરના વધુ ઉપયોગથી જમીનમાંના પોષક તત્વોના પ્રમાણમાં ઘટાડો થાય છે. રાસાયણિક ખાતરના ઉપયોગથી ખોરાકમાં વિષકારક રાસાયણોની અસરો દિવસે દિવસે વધતી જાય છે. સ્વાદ, સુગંધ, કલર, મીઠાશ અને સંગ્રહ કરવાની ક્ષમતા ઘટાડે છે. જીવાત અને રોગોના ઉપદ્રવ વધારે છે. ઉંચુ તાપમાન અને સૂકું વાતાવરણ પાકમાં સુકારો અને બીજના વંધ્યતા લાવે છે અને પાક નિષ્ફળ નિવડે છે.

**ઓર્ગેનિક ખાતરના ઉપયોગથી થતા ફાયદા**

ઓર્ગેનિક ખાતર શાકભાજી ફળ, પ્રાણી, પક્ષી અને માછલીના અવશેષોમાંથી પ્રાપ્ત થતું ઉત્પાદન છે. આ છોડને જરૂરી એવા બધા જ પોષક તત્વો અને સૂક્ષ્મ પોષક તત્વો વધતા-ઓછા પ્રમાણમાં પૂરા પાડે છે. જમીનમાંના ઉપયોગી સુક્ષ્મજીવોનાં પોષણ માટે આધાર પૂરો પાડે છે. જમીનમાં બંધારણ, સંરચના અને છિદ્રતા માટે ઓર્ગેનિક ખાતર જીવાદોરી સમાન છે, ખેડ સરળ બનાવે છે. ઓર્ગેનિક ખાતર જમીનમાંના પોષક તત્વોને જાળવી રાખવાની અને પૂરા પાડવાની ક્ષમતામાં હકારાત્મક અને ઉત્તરોત્તર વધારો કરે છે. વિષકારક રસાયણોનું વિઘટન કરી તેની હાનિકારક અસરોની માત્રામાં ઘટાડો કરે છે. ગુણવત્તામાં ઉત્તરોત્તર વધારો કરે છે. જીવાતોનો ઉપદ્રવ ઓછા કરે અને રોગને આવતો અટકાવે છે. પાકને પ્રતિકૂળ પરિસ્થિતિમાં ટાકવી રાખે, નિષ્ફળ જતો અટકાવે છે. વૈશ્વિક સ્તરે ઓર્ગેનિક ખાતરો દ્વારા તૈયાર થતી ખેતપેદાશોનું મહત્વ અને માત્રા વધતી જાય છે. પર્યાવરણ હેતુલક્ષી કાર્ય કરે છે.






# તમામ રામ ભક્તોને વંદન, સૌને રામ-રામ




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના શુભહસ્તે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ આયોધ્યાજી ખાતે શ્રી રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. દેશભરમાં દિવાળીનો માહોલ હતો, કારણ કે આપણા રામજીનું અયોધ્યા ધામમાં આગમન થયું હતુ. સદીઓ સુધી રાહ જોયા પછી આપણા રામ આવી ગયા છે. સદીઓનું અભૂતપૂર્ણ ધૈર્ય, અસંખ્ય ત્યાગ, બલિદાન અને તપસ્યા પછી આપણા ભગવાન રામનું આગમન થયું છે. આ ક્ષણ ભગવાન શ્રી રામના આશીર્વાદ આપણા બધા પર છે. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ નો આ સૂર્ય અદ્ભુત આભા લઈને આવ્યો છે. આ ઐતિહાસિક અને પાવન પ્રસંગ માટે બનાસ ડેરી સૌ પશુપાલકો અને ખેડૂતોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવે છે. અયોધ્યામાં માત્ર શ્રી રામની મૂર્તિની જ પ્રાણ પ્રતિષ્ડા કરવામાં આવી નથી. આ પણ ભારતીય સંસ્કૃતિમાં શ્રી રામના રૂપમાં પ્રગટ થયેલી અતૂટ શ્રદ્ધાની પ્રાણ પ્રતિષ્ઠા છે. તે માનવીય મૂલ્યો અને સર્વોચ્ચ આદર્શોની પણ પ્રાણ પ્રતિષ્ઠા છે. .

રામલલ્લાના આ મંદિરનું નિર્માણ ભારતીય સમાજની શાંતિ, ધૈર્ય, પરસ્પર સૌહાર્દ અને સમન્વયનું પણ પ્રતિક છે. રામજીના મંદિરનું બાંધકામ કોઈ અગ્નિને નહીં, પરંતુ ઉર્જાને જન્મ આપી રહ્યું છે. રામ મંદિરે સમાજના દરેક વર્ગને ઉજ્જવળ ભવિષ્યના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપી છે. રામ અગ્નિ નથી, રામ ઉર્જા છે. રામ એ વિવાદ નથી, રામ ઉકેલ છે. રામ ફક્ત આપણા નથી, રામ દરેકના છે. રામ માત્ર હાજર નથી, રામ શાશ્વત છે. . . ..

આજે આખો દેશ રામમય છે.
રામ એ જન જનના હ્યદયની અંદર છે.
રામ એટલે રાષ્ટ્રીય જાગૃતતા,
રાષ્ટ્રીય એકેય ભાવ, પ્રેમ, કરૂણા, ત્યાગ,
સમર્પણ અને ન્યાયનું પ્રતિક છે.
ભારતવાસીઓનું વર્ષોનું સ્વપ્ન હતુ,
તે પ્રભુ શ્રીરામનું ભવ્ય મંદિર અને પ્રાણ
પ્રતિષ્ઠા દેશના વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના
શુભ હસ્તે કરવામાં આવી, જાણે આખા
દેશનું સ્વાભિમાન,
દેશની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાએ
ભવ્ય ભારતની થતી હોયતેવા વાતાવરણનો
અનુભવ દરેક ભારતીયએ કર્યો છે.

**શ્રી શંકરભાઈ ચૌધરી**
**(ચેરમેન, બનાસ ડેરી, પાલનપુર)**





# બનાસ ડેરીની સશક્ત અને આત્મનિર્ભર નારી શક્તિ

